Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-2, Issue-8, Continuous Issue-14, July-August 2022

# ‘ભગત આંદોલન’ના મહાનાયક શ્રી ગોવિંદ ગુરુ

ભગત આંદોલનના મહાનાયક આદિવાસી ભીલોના ગુરુ ગોવિંદનો જન્મ રાજસ્થાનનાં ડુંગરપુર રજવાડાના વાંસિયા ગામમાં ઈ.સ.૧૮૬૩માં થયો હતો. તેમનું બાળપણનું નામ ગોવિંદ હતું. પિતાનું નામ વણઝારા બેચરગિરી અને માતા માણકી. ગોવિંદનાં માતા – પિતાએ પોતાના પુત્રના આધ્યાત્મિક વલણથી રખેને સાધુ બની ન જાય તે માટે ૨૦ વર્ષની ઉંમરે લગ્ન કરી નાખ્યા હતા. પિતા વણઝારાના પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલા હતાં. તેમનો વ્યવસાય વાગડ અને માળવામાં ધાર અને માંડુ સુધી વિસ્તરેલો હતો. ગોવિંદનું બાળપણ આદિવાસી ભીલ બાળકો વચ્ચે વીત્યું હતું, જયારે વેપાર દરમિયાન ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશના રજવાડાઓ અને મોટાં વેપારીઓ સાથે ઘનિષ્ઠ પરિચયમાં આવ્યાં. રાજા રજવાડા, સામંતો અને ઉચ્ચ વર્ણના લોકો દ્વારા થતા ભીલોના અપમાન અને શોષણ ગુરુ ગોવિંદે સગી આંખે જોયા હતાં. ભીલોને આ પ્રકારના અન્યાયથી બચાવવા તેમણે જાગૃતિની ચિનગારી પ્રગટાવી. તેમના જીવન વિશેના કેટલાંક ભજનોમાં આ વાતનો અણસાર આવે છે. જેમ કે,

“ગોવિંદ નટવા ગામે આયા લાલ ગોવિંદ નાનું બાળ;

ગોવિંદ ધૂળની ઢગલીમાં રમે લાલ ગોવિંદ નાનું બાળ;

ગોવિંદો ભગતિ ને ભણતર લાયો લાલ ગોવિંદ નાનું બાળ;

ગોવિંદે હુતેલાને જગાડ્યા લાલ ગોવિંદ નાનું બાળ;

ગોવિંદો ગાયનો ગોવાળ લાલ ગોવિંદ નાનું બાળ.”

ભીલી ભાષામાં ગવાયેલું આ ભજન ગોવિંદ ગુરુના સમગ્ર જીવન - સંઘર્ષનો ચિતાર આપે છે. તેઓ કઈ જ્ઞાતિના હતા, શું વ્યવસાય કરતા હતા, ભીલ સમાજમાં સમાજ સુધારણા માટે કેવી કામગીરી કરી, અંગ્રેજો સામે, રજવાડા સામે, સમાંતો સામે કેવી રીતે વિદ્રોહ પોકાર્યો એની સાહેદી પૂરે છે. ઈ.સ. ૧૮૯૯-૧૯૦૦ના છપ્પનીયા દુષ્કાળે રાજસ્થાન અને ગુજરાતમાં કાળો કેર વર્તાવી દીધો હતો ત્યારે તેઓ દુષ્કાળની ભયંકરતાથી બચવા પંચમહાલ જિલ્લાનાં સુંથ (સંતરામપુર) રાજ્યનાં નટવા ગામે સ્થાયી થયાં હતાં જે પ્રસ્તુત ભજનમાં ખ્યાલ આવે છે. આ દુષ્કાળે તેમનાં પત્ની અને ત્રણ બાળકોને ભરખી લીધા એ આઘાતે ગોવિંદગુરુનાં જીવનને નવી દિશા ચીંધી હતી. તેમને દુષ્કાળનાં ખપ્પરમાં હોમાતા, અનેક સામાજિક - ધાર્મિક દૂષણોમાં સબડતા ભીલો માટે પોતાનું જીવન ન્યોછાવર કરી દીધું.

ગુજરાત રાજસ્થાન અને મધ્યપ્રદેશના સીમાવર્તી પર્વતીય પ્રદેશોમાં વસતા આદિવાસીઓમાં અલખ જગાવવા ઇ.સ. ૧૯૦૩માં સંતરામપુરના માનગઢ પર્વત પર ધૂણી ધખાવી. જોકે તેનો થોડો ભાગ હાલ રાજસ્થાનમાં છે. પશુની બલિ ન ચડાવવી, દેવપૂજામાં નારિયેળનું હવન કરવું, ચોરી ન કરવી, માંસાહાર ન કરવો, દારૂ ન પીવો, વ્યભિચાર ન કરવો, સ્વમાનથી જીવવું, ગુલામી ન કરવી, અંગ્રેજોનો હુકમ ન માનવો, લગ્ન – મરણમાં ખોટા ખર્ચાઓ ન કરવા, સ્વદેશી વસ્તુઓ વાપરવી, (અહી નોંધવું ઘટે કે આદિવાસીઓની જરૂરિયાત એકદમ મર્યાદિત જ હતી એટલે પરદેશી વસ્તુઓનો સવાલ જ નહતો. )

આ નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે રાજસ્થાનના સિરોહી જિલ્લાના ગેઝેટ મુજબ ઈ.સ. ૧૯૦૫માં ‘સંપસભા’ની રચના કરવામાં આવી હતી. પછી તો ગામેગામ આ પ્રકારની સંપસભા કાર્યરત થઈ હતી. આ જૂથના સૌપ્રથમ અધ્યક્ષ પૂંજાભાઈ ધીરાભાઈ પારગીની નિમણૂંક કરવામાં આવી હતી.

આજે પણ તેના વારસદારો આ વાતનો ગૌરવ લે છે કે ભગવાન ગુરૂ ગોવિંદે પોતાના પૂર્વજને અધ્યક્ષ પદ સોંપ્યું.

## 'સંપસભા'નું કાર્ય મુખ્યત્વે નવ ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું હતું.

૧. ધાર્મિક પૂજા-પાઠ અને ભગતો બનાવવાની કામગીરી:
કુરિયા ભગત (પાલ) સુરાતા, ડુંગરપુરને જવાબદારી સોંપવામાં આવી હતી.
૨. પશુઓની દેખરેખ તથા સારવાર:
જયંતી ભગત, ગામ ડાકોરને જવાબદારી સોંપવામાં આવી હતી.
૩. આત્માની શાંતિ માટેની પૂજા પાઠ:
વાલા ભગત, ગામ ડાકોરને જવાબદારી સોંપવામાં આવી હતી.
૪. ધૂણીઓની પ્રતિષ્ઠા:
લેંબા ભગત, સુંદરાવ ગામને જવાબદારી સોંપવામાં આવી હતી.
૫. કૂવાઓનું ખોદકામ:
કલજી ભગત, વાંસિયા (ડુંગરપુર) ને જવાબદારી સોંપવામાં આવી હતી.
૬. ધર્મનો પ્રચાર:
જોરજી ભગત, વાવડીને જવાબદારી સોંપવામાં આવી હતી.
૭. પોલીસ (સિક્યોરીટી) :
પૂંજાભાઈ ધીરાભાઈ પારગી, ડુંગર (સંતરામપુર)ને જવાબદારી સોંપવામાં આવી હતી.
૮. જંગલો અને પર્યાવરણ :
થાવરા ભગત, નવાગામ તથા ગાળિયા ભગત, વડાને જવાબદારી સોંપવામાં આવી હતી.
૯. શિક્ષણ :
ભલજી વાલજી પારગી, ભંડારા (સંતરામપુર)ને જવાબદારી સોંપવામાં આવી હતી.
૧. આ ઉપરાંત લોકો મહેનત, મજૂરી કરી પોતાની જવાબદારી સમજી સ્વ-નિર્ભર બને.

૨. સંપસભાના માધ્યમથી ગામેગામ શાળાઓ શરૂ કરવી અને જ્ઞાનનો પ્રચાર કરવો.

૩. બાળકોને સંસ્કારી બનાવવા તથા વાર્તા કથનનું આયોજન કરવું.

૪. પરિવારની આર્થિક સ્થિતિ સુધારે એ માટે નક્કર પગલાં ભરવા

૫.સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવો.

ગોવિંદ ગુરુ અને સંપસભાના સમર્થ પ્રયાસથી જ ભીલોમાં નવજીવનનો સંચાર થયો. આત્મ સન્માનની ભાવના જગાડી. અન્યાય સામે લડવાની પ્રતિકાર શક્તિ પૂરી પાડી. ગુરુનાં ઉપદેશોની બુનિયાદ ઉપર ભગત ભીલોએ માંસાહાર, દારૂ, લૂંટફાટ વગેરેનો ત્યાગ કરી વેઠપ્રથા કરવાની પણ સ્થાપિત હિતોને ઘસીને ના પાડવાની હિંમત કેળવી. આ સ્થિતિ સંતરામપુર, વાંસવાડા, ડુંગરપુરનાં રાજ્યો, દારૂનાં ઠેકેદારો અને બ્રિટિશ સત્તા માટે ખતરનાક સાબિત થઈ હતી. કારણ કે બ્રિટિશ રાજમાં જેટલી નિશાળો ન હતી એના કરતાં વધુ દારૂનાં પીઠાંઓ હતાં અને સરકારી મહેસૂલનો મોટો હિસ્સો દારૂ પરની આવકમાંથી પ્રાપ્ત કરાતો હતો. દારૂનાં ઠેકેદારોના સૌથી મોટા ગ્રાહકો આદિવાસીઓ હતાં. એ જ રીતે વેઠપ્રથા એ બ્રિટિશ અને દેશી રજવાડાઓનું મહત્વનું અંગ હતું. પત્નીની પ્રસૂતિ સમયે તેને ગાડામાં નાંખી દાહોદના દવાખાને લઈ જતાં ભીલને રોકી, તેની પત્નીની પ્રસૂતિની પીડાની અવગણના કરી વેઠે લઈ જવાના દાખલા ઈતિહાસમાં નોંધાયા છે. આ લખનારના દાદા (મોટા બાપા)એ પણ સંતરામપુર રાજાને ત્યાં વેઠનો ભોગ બન્યા છે. તેમના કહેવા મુજબ રાતે બે વાગ્યે ઉઠીને ગાઢ જંગલો ભેદીને ઠેઠ સંતરામપુર ૩૫ કિ.મિ. રોજ જવું પડતું. આવી સાહેબી ભરી સ્થિતિમાં વેઠપ્રથા વિરુદ્ધના આંદોલનથી દેશી રાજ્યોના અર્થતંત્રની કમર ભાંગી ગઈ. ઉદાહરણ તરીકે ગોવિંદગુરુના દારૂ ન પીવાના ઉપદેશને લીધે જ ઈ.સ ૧૯૧૨માં સંતરામપુર રાજ્યની દારૂની આવકમાં એક સમયે ધરખમ

ગણાય એવો છ હજાર રૂપિયા જેટલો ઘટાડો થયો હતો. દેશી રજવાડાઓની આવકમાં આવેલા અણધાર્યા ઘટાડાની અને ભીલોમાં આવેલી જાગૃતિ તેમના માટે ગંભીર ચિંતાનું કારણ બન્યું હતું.

આજ સમયે દેશી રજવાડાઓ અને તેમને પ્રોત્સાહિત કરતી બ્રિટિશ સરકારથી હારી ગોવિંદગુરુને 'ભીલરાજ'ની સ્થાપનાનું સ્વપ્ન સેવ્યું. ગોવિંદગુરુએ પોતાના શિક્ષિત શિષ્ય પૂંજા ધીરજી પારગીના માર્ગદર્શનમાં ભીલ રાજ્યનો વિચાર રજૂ કર્યો હતો, અને માનગઢ ખાતે ભીલોનો મેળો ભરી નવેમ્બર 1917માં ભીલરાજ્યનું રણશીંગું ફૂંકવાનું નક્કી કર્યું. તેના ભાગરૂપે 17 નવેમ્બર, 1913(માગસર સુદ પૂનમ)ના રોજ મોટા મેળાનું આયોજન કર્યું. મેળામાં આમંત્રણરૂપે ભગત સંપ્રદાયના ઝંડાઓ ભીલ વિસ્તારોમાં વહેંચાયા. પ્રતિભાવરૂપે ઘી, નાળિયેર અને એક આનો રોકડો લઈ હજારો ભીલો માનગઢના ડુંગર પર ભીલરાજ્યના સપનાને સાકાર કરવા ઉપસ્થિત થયા.સ્થાનિક લોકવાયકાઓમાં આ સંખ્યા એક થી દોઢ લાખની હોવાનું જણાવવામાં આવે છે. એનું કારણ આજના આદિવાસીઓ એ ગણે છે કે ગોવિંદગુરુના ચહેરાનું તેજ જ એવું હતું કે તેમના માટે ગોવિંદગુરુની આજ્ઞા એ ઈશ્વરની આજ્ઞા હતી. માનગઢ પર્વત પર આદિવાસીઓ ધાર્મિક વિધિઓની વસ્તુઓ ઉપરાંત બંદૂકો, તલવારો, તીરકાંમઠા અને ગોફણોથી સુસજ્જ હતા. ગોવિંદગુરુએ તેમને પોતે દુશ્મનોની ગોળીઓને પણ પાણી કે ભમરા બનાવી દેશે તેવી ધરપત આપી હતી.

માનગઢ પર્વત પર આદિવાસીઓનું વિશાળ સંખ્યામાં ભેગા થવું એ સંતરામપુર, કુશળગઢ, વાંસવાડા અને ડુંગરપુર જેવા રાજ્યો માટે ઘેરી ચિંતાનું કારણ બન્યું હતું. તેથી સંતરામપુરના રાજાએ ગોવિંદગુરુની ધરપકડ કરી માનગઢપરથી ભીલોને તાત્કાલીક વીખેરી નાંખવા બ્રિટિશ સરકારને વિનંતી કરી. ૧૫મી નવેમ્બરના રોજ બ્રિટિશ હકૂમતે ગોવિંદ ગુરુને નોટિસ મોકલી કે સત્વરે માનગઢ ખાલી કરી દેવામાં આવે.પરંતુ ગોવિંદ ગુરુએ અંગ્રેજ સરકાર સામે પડકાર ફેંકતા ભજન લલકાર્યું કે,

"ભુરેટીયુ હો નઈ માનું રે નઈ માનું ,
વાગડમાં મારો જલમ હે
મળવામાં મારો ફેરો હે
ભૂરેટીયું હો નઈ માનું રે નઈ માનું.
માનગઢ મારી ધૂણી હે
દિલ્લીમાં મારો ડંકો હે
ભૂરેટીયું હો નઈ માનું હો નઈ માનું.
ગોધરામાં મારો દીવો હે,
અમદવાદમારી ઝાઝમ હે
ભૂરેટીયું હો નઈ માનું હો નઈ માનું."

આ ગીતે આદિવાસી પ્રજામાં પ્રાણ ફૂંકવાનું કામ કર્યું. આ ભીલી ગીતમાં અન્યાય સામે લડવાની, પંચાયતી રાજ સ્થાપવાની, દિલ્લીમાં સુશાસન સ્થાપવાની વાત છે. તેમનું શિષ્ય મંડળ અને લાખોની જનમેદની પોતાની વાત પર અટલ અફર રહી ને આખરે ભીષણ સંઘર્ષનો દિવસ આવી પહોંચ્યો. ૧૭મી નવેમ્બર ૧૯૭૩ની સવારે સાડા આઠ વાગ્યે બ્રિટિશ લશ્કર, મેવાડ ભીલ કોર્પ્સ (જેમાં માત્ર આદિવાસી સૈનિકો, અધિકારીઓ જ હતાં, કેવી કાવતરાબાજી!) અને સુંથ, કુશળગઢ, વાંસવાડા, દેવગઢ બારિયા, સંજેલી જેવાં દેશી રજવાડાના લશ્કરોએ માનગઢના ડુંગર પર ત્રિપાંખીયો હુમલો કર્યો. આધુનિક હથિયારો અને કેળવાયેલા લશ્કરો સામે ગોફણ, તીરકાંમઠા અને દેશી જામગરીઓવાળી બંદૂકોથી લડતા ભીલો કેટલી અને ક્યાં સુધી ટક્કર લઈ શકે? છતાં ભીલો ગોવિંદગુરુનાં નેતૃત્વમાં ભીલરાજ્યની સ્થાપના માટે આખરી દમ સુધી લડ્યા. તાત્કાલીન બ્રિટિશ દસ્તાવેજો મુજબ માનગઢ હત્યાકાંડમાં ૨૫ જેટલા ભીલો માર્યા ગયા હતાં. પણ હકીકતે માનગઢ હત્યાકાંડમાં ૧૫૦૦ થી વધારે આદિવાસી ભીલો શહીદ થયા હતાં. હજારો આદિવાસી ભીલો ઘાયલ થાય. ગુરુ ગોવિંદની ધરપકડ કરી આજીવન કેદની સજા ફરમાવવામાં આવી. હૈદરાબાદ ખાતે કાળા પાણીની સજા ભોગવતા ગોવિંદ

ગુરુને તે અરસામાં અંગ્રેજ સરકાર અને જર્મન સરકાર વચ્ચે સુલેહ થતાં અનેક ભારતીય કેદીઓને મુક્ત કરવામાં આવ્યાં હતા. જેમાં દસ વર્ષ સુધી સંતરામપુર, વાંસવાડા, ડુંગરપુર અને કુશલગઢ રાજ્યમાં પ્રવેશ ન કરવાની શરતે ગોવિંદ ગુરુને મુક્ત કરવામાં આવે છે. પછી તેઓ ઇડરમાં જીવન પસાર કરે છે. જોકે એક વખત સંતરામપુર રાજ્યમાં પ્રવેશ કરતાં ફરી ધરપકડ કરી લેવામાં આવે છે. અમદાવાદ જેલમાં મોકલી આપવામાં આવે છે. જેલ પ્રસંગને લઇ હમણાં પણ એક દંતકથા પ્રચલિત છે કે ગુરુ મહારાજને જેલમાં પૂરી દેવામાં આવે છે. ને થોડી વારમાં એ બહાર ભક્તો સાથે સત્સંગ કરતા હોય. અંતે અંગ્રેજોને તેમને છોડી માનભેર છોડી મૂક્યા.

ગોવિંદ ગુરુએ પોતાનું શેષ જીવન ઝાલોદ તાલુકાના લીમડી પાસે આવેલા કંબોઈ ગામે વિતાવ્યું. જીવનમાં અનેકો સંઘર્ષ સામે ઝઝૂમતાં ઝઝૂમતાં તા.૩૦/૧૦/૧૯૩૧ ના રોજ આ સંત મહારાજે પોતાની જીવન લીલા સંકેલી લીધી. તેમની સમાધિ કંબોઈ ખાતે જ બનાવવામાં આવી છે. આ સમાધિ પર દર વર્ષે અખાત્રીજના દિવસે મેળો ભરાય છે.


સંદર્ભ ગ્રંથ:

૧. માનગઢ ક્રાંતિના મહાનાયક ગોવિંદ ગુરુ, ગુજરાત સરકાર.

૨. ગણેશ નિસરતા, 'પંચમહાલનાં ભીલી ગીતોમાં શ્રી ગોવિંદગુરુ આદિલોક, જાન્યુઆરી – ફેબ્રુઆરી, ૨૦૨૧


રૂબરૂ મુલાકાત:

૧. હુમજી ભાણજી ડામોર (ઉ.વર્ષ ૯૦ થી વધારે )

૨. સકજી ગેંદાલ ડામોર (નિવૃત શિક્ષક )

---


ડૉ. મીનેશકુમાર ભારુભાઈ ડામોર
અધ્યક્ષ ગુજરાતી વિભાગ
શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ
મો.નં. ૯૯૭૯૨૭૭૨૦૧
mdamor29@gmail.com